:: વેચાણ દસ્તાવેજ ::

અવેજ રૂા. ..../- પુરાનો

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ સુરત સીટી-૧ (અઠવા) ના **મોજે વેસુ**માં આવેલ સર્વે નં. ૪૯૦, પૈકીથી નોંધાયેલી જમીન કે જે બ્લોક/રી.સર્વે નં. ૨૯૯/૨ થી નોંધાયેલ છે અને જેનું હાલનું ક્ષેત્રફળ ૧૧૧૦૦-૦૦ સ.ચો.મી. છે જેને ટી.પી.સ્કીમ નં. ૬ લાગુ પડતા ફા. પ્લોટ નં. ૪૧ ફાળવવામાં આવેલ છે તે પૈકી સબ પ્લોટ નં. ૨ જેનું ફા. પ્લોટના ક્ષેત્રફળના પ્રમાણસર ગામનો નમુનો નં. ૭ અને ૧૨ મુજબનું ક્ષેત્રફળ ૫૫૫૦ સ.ચો.મીટર થાય છે કે જેનું **ફા. પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૪૫૫૪** સ.ચો.મીટર છે જમીન માં બાંધવામાં આવેલ **ધ ઈવોલ્યુશન** ના **બિલ્ડીગ નં.** .... ના .... ઉપર આવેલ **ફલેટ નં.** .... વાળી મિલકત કે જેનો સુપર બિલ્ટઅપ એરીયા : .... ચો.ફુટ અને બિલ્ટઅપ એરીયા : .... ચો.ફુટ છે યાને .... ચો.મી. છે તે મિલકત તથા બિલ્ડીગ તળેની જમીનમાં ફાળે પડતા વણ વહેંચાયેલા હિસ્સાની જમીન સહીતની મિલકત તે માહેના તથા બહારના તમામ હકકો સહિતની મિલકતનો **રૂા.** .... /- **(અંકે રૂપિયા** ....) પુરાનો વેચાણ દસ્તાવેજ.

+===+===+===+===+===+===+===+===+

સંવતઃ ૨૦૭૩ ના .... ને વાર : ...., તારીખ : ......, માહે.........., સને ૨૦૧૭ નાં અંગ્રેજી દિને...

આ વેચાણ દસ્તાવેજનો લેખ લખાવી લેનાર યાને વેચાણ રાખનાર :-

....

ઉ.આ.વ. : ....., ધંધો : ...., જાતના : ....

રહે : ....

દસ્તાવેજનો પ્રકાર	અવેજ	ગામનું નામ	સર્વે નં.	ટી.પી. નં. એફ.પી.નં.	ફલેટ નં.	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ દસ્તાવેજ		વેસુ	૨૯૯/૨	૬/૪૧		

ઈન્કમટેક્ષ પી.એ.નં.

(જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજના લેખમાં વેચાણ રાખનાર અગર તમો તરીકે સંબોધવામાં આવેલ છે, જેઓના સંપૂર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ન હોય ત્યાં વેચાણ રાખનાર પોતે તથા તેઓના વંશવાલી વારસો, ટ્રાન્સફરી, એસાઇની, એકઝીકયુટર્સ, એડમીની સ્ટ્રેટર્સ, સકસેસર્સ ઈત્યાદી તમામનો સમાવેશ થઇ જાય છે.)

<u>જોગ લી....</u>

<u>આ વેચાણ દસ્તાવેજનો લેખ લખી આપનાર યાને વેચાણ આપનાર :-</u>

યુનિસન ડેવલપર્સ (PAN No. : AAEFU 0937 E) **ના અધિકૃત ભાગીદાર**

વિજય દામોદર ભટ્ટ

ઉ.આ.વ. : ૩૯, ધંધો : વેપાર, જાતના : હિન્દુ

રહે : ૧, રઘુવિર રો-હાઉસ, સીટી લાઇટ, સુરત.

(જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજના લેખમાં વેચાણ આપનાર અગર અમો તરીકે સંબોધવામાં આવેલ છે, જેઓના સંપૂર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ન હોય ત્યાં વેચાણ આપનાર સદરહુ પેઢીના ભાગીદાર તરીકે પોતે તથા વખતો વખતના ભાગીદારો તેઓના વંશવાલી વારસો, ટ્રાન્સફરી, એસાઇની, એકઝીકયુટર્સ, એડમીની સ્ટ્રેટર્સ, સકસેસર્સ ઈત્યાદી તમામનો સમાવેશ થઇ જાય છે.)

જત આજરોજ અમો વેચાણ આપનાર તમો વેચાણ રાખનારને આ વેચાણ દસ્તાવેજ લખી આપી જણાવીએ છીએ કે :-

(૧)... સુરત ડિસ્ટ્રીકટ, ચોર્યાસી સબ ડિસ્ટ્રીકટ મોજે ગામ વેસુના મુળ સર્વે નં. ૪૯૦ થી નોંધાયેલી જમીનનું ક્ષેત્રફળ ૪-હેકટર, ૬૦-આરે, ૩૨-સ.ચો.મી. હતું અને તે જમીનના માલિકો કનેથી સદરહુ આખી જમીન પૈકીની જમીન ગોકુળભાઇ શામુભાઇએ રજીસ્ટર્ડ દસ્તાવેજથી ખરીદ કરેલી અને તેથી સદરહુ જમીનના જુદા

દસ્તાવેજનો પ્રકાર	અવેજ	ગામનું નામ	સર્વે નં.	ટી.પી. નં. એફ.પી.નં.	ફ્લેટ નં.	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ દસ્તાવેજ		વેસુ	૨૯૯/૨	૬/૪૧		

જુદા નંબરો પડેલા. બાકી રહેલી ૨૨૮૦૦ સ.ચો.મી. જમીન ભાણાભાઇ રવજીભાઇની માલિકીની ચાલી આવેલી અને ભાણાભાઇ રવજીભાઇ ગુજરી જતાં તેમની પાછળ વારસોમાં તેમની વિધવા શાંતીબેન તથા બે દિકરી નામે લીલાબેન અને હીરાબેનને મુકી ગુજરી ગયેલા. જેથી સદરહુ જમીન તેઓના ઉપરોકત વારસોના નામ ઉપર ગામ નમુના નં. ૬ ના હકક પત્રકની એન્ટ્રી નં. ૧૦૧૫ થી તા. ૧૭/૦૨/૧૯૭૮ ના રોજ નામફેર કરવામાં આવેલી અને તે એન્ટ્રી પ્રમાણીત થયેલ. સદરહુ જમીનને શહેરી જમીન ટોચ મર્યાદાનો કાયદો લાગુ પડતા સદરહુ કાયદાની કલમ-૬(૧) હેઠળ નમુના નં. ૧ માં તેના ઉપરોકત માલિકો શાંતીબેન, લીલાબેન તથા હીરાબેને જાહેરાત કરેલી. પરંતુ તે કાયદાની કલમ ૨૦ હેઠળ મુકિત માટે અરજી કરેલી અને ગુજરાત સરકારે ખેતી હેતુ માટે મુકિત આપેલ હોવાથી યુ.એલ.સી. એકટ નીચે ભરેલ ફોર્મમાં કોઇ હુકમો થયેલા નહી કે તે જમીન ફાજલ જાહેર થયેલી નહી અને ગુજરાત સરકારે શહેરી જમીન ટોચ મર્યાદા નો કાયદો રદ કર્યો છે જેથી જમીન મુકત થઇ છે અને તે જમીનને વેચાણ કરવાનો કોઇ બાધ રહેલો નહી. સદરહુ સર્વે નં. ૪૯૦ હિસ્સા નં. ૧-બ વાળી જમીન તેના માલિકો શાંતિબેન તે ભાણાભાઇ રવજીભાઇની વિધવા, લીલાબેન તે ભાણાભાઇ રવજીભાઇની દિકરી તથા હીરાબેન તે ભાણાભાઇ રવજીભાઇની દિકરી ચાલી આવેલા. સદરહુ માલિકોએ તેમની સદરહુ જમીન અંગે શ્રી ઉપેશ મોગનલાલ ગણાત્રાની તરફેણમાં તા. ૩૦/૦૪/૧૯૯૨ ના રોજ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી એમ.એસ.પટેલ સુરત ડીસ્ટ્રીકટ સમક્ષ ઇરરીવોકેબલ જનરલ પાવર ઓફ એટર્નીનો લેખ કરી આપેલો અને તે પાવર ઓફ એટર્નીના લેખના આધારે સદરહુ જમીન અંગે સુર્યકાંત દીપચંદ પટેલની તરફેણમાં જમીન માલિકોના કુલમુખત્યારની હેસીયતમાં ઉપેશ મોહનલાલ ગણાત્રાએ તા. ૧૧/૦૮/૧૯૯૩ ના રોજ કબજા સહિતનો વેચાણ કરાર કરી આપેલો અને તે કબજા સહિતનો વેચાણ કરાર એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ એસ.એમ.પટેલ, સુરત સમક્ષ એટેસ્ટ કરવામાં

દસ્તાવેજનો પ્રકાર	અવેજ	ગામનું નામ	સર્વે નં.	ટી.પી. નં. એફ.પી.નં.	ફલેટ નં.	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ દસ્તાવેજ		વેસુ	૨૯૯/૨	૬/૪૧		

આવેલ છે અને ત્યારથી સદરહુ જમીનનો કબજો સુર્યકાંત દીપચંદ પટેલનો ચાલી આવેલો. ત્યારબાદ, સદરહુ જમીનના ઉપરોકત ત્રણેય માલિકો શાંતિબેન તે ભાણાભાઇ રવજીભાઇની વિધવા, લીલાબેન તે ભાણાભાઇ રવજીભાઇની દિકરી તથા હીરાબેન તે ભાણાભાઇ રવજીભાઇની દિકરીના કુલમુખત્યાર શ્રી ઉપેશ મોહનલાલ ગણાત્રાએ સદરહુ જમીનનો વેચાણ દસ્તાવેજ તા. ૦૬/૦૧/૨૦૦૧ ના રોજ સુર્યકાંત દીપચંદ પટેલની તરફેણમાં કરી આપેલ. જે વેચાણ દસ્તાવેજ મહેરબાન સુરતના સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં ૧ નંબરની બુકના અનુક્રમ નં. ૧૩૭ થી તા. ૦૬/૦૧/૨૦૦૧ ના રોજ રજુ કરવામાં આવેલો. જે દસ્તાવેજ નોંધણી માટે પેન્ડીગ રહેલો અને તેની નોંધણી તા. ૧૮/૧૧/૨૦૦૪ ના રોજ નવા અનુક્રમ નં. ૧૨૦૬૦ થી કરવામાં આવેલ છે. સદરહુ તા. ૦૬/૦૧/૨૦૦૧ ના રોજના વેચાણ દસ્તાવેજ બાદ લીલાબેન તે ભાણાભાઇ રવજીભાઇની દિકરી તા. ૦૫/૦૪/૨૦૦૩ ના રોજ બીનવસીયતે તેમના વારસો તરીકે ૧. ગણપતભાઇ દેવાભાઇ પટેલ (લીલાબેનના પતિ), ૨. ઉર્વશીબેન મહેન્દ્રભાઇ પટેલ (ગણપતભાઇ દેવાભાઇ પટેલની દિકરી), ૩. નવીનભાઇ ગણપતભાઇ પટેલ (ગણપતભાઇ દેવાભાઇ પટેલના દિકરા), ૪. ધર્મેન્દ્ર ગણપતભાઇ પટેલ (ગણપતભાઇ દેવાભાઇ પટેલના દિકરા) તથા, ૫. ભાવનાબેન ગીજુભાઇ પટેલ (ગણપતભાઇ દેવાભાઇ પટેલની દિકરી) નાઓને મુકી ગુજરી ગયેલા. જેથી મુળ જમીન માલિકો શાંતિબેન તે ભાણાભાઇ રવજીભાઇની વિધવા, લીલાબેન તે ભાણાભાઇ રવજીભાઇની દિકરી તથા હીરાબેન તે ભાણાભાઇ રવજીભાઇની દિકરીના વારસો ૧. ગણપતભાઇ દેવાભાઇ પટેલ ૨. ઉર્વશીબેન મહેન્દ્રભાઇ પટેલ ૩. નવીનભાઇ ગણપતભાઇ પટેલ ૪. ધર્મેન્દ્ર ગણપતભાઇ પટેલ તથા, ૫. ભાવનાબેન ગીજુભાઇ પટેલનાઓએ અમો બીજા પક્ષનાની તરફેણમાં શાંતિબેન તે ભાણાભાઇ રવજીભાઇની વિધવા, હીરાબેન તે ભાણાભાઇ રવજીભાઇની દિકરી તથા લીલાબેન તે ભાણાભાઇ રવજીભાઇની દિકરીના કુલમુખત્યારની હેસીયતમાં ઉપેશ મોહનલાલ

દસ્તાવેજનો પ્રકાર	અવેજ	ગામનું નામ	સર્વે નં.	ટી.પી. નં. એફ.પી.નં.	ફલેટ નં.	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ દસ્તાવેજ		વેસુ	૨૯૯/૨	૬/૪૧		

ગણાત્રાએ તા. ૦૬/૦૧/૨૦૦૧ નો જે વેચાણ દસ્તાવેજ કરી આપેલ તે વેચાણ દસ્તાવેજ કબુલ કરતો કન્ફર્મેશનનો લેખ તા. ૩૦/૦૫/૨૦૦૩ ના રોજ કરી આપેલ છે. જે કન્ફર્મેશનનો લેખ મહેરબાન સુરતના સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં ૧ નંબરની બુકમાં અનુક્રમ નં. ૪૦૫૪ થી તા. ૩૧/૦૫/૨૦૦૩ ના રોજ નોંધાયેલ છે. સદરહુ જમીન અંગે કરશનભાઇ મેઘજીભાઇએ શાંતિબેન તે ભાણાભાઇ રવજીભાઇ પટેલ, સતુબેન ઉર્ફે શકુંતલાબેન સામુભાઇ પટેલ તે સામુભાઇ રવજીભાઇ પટેલની વિધવા, ઉર્મીલાબેન ગણપતભાઇ પટેલ તે સામુભાઇ રવજીભાઇની છોકરી તથા પ્રેમીલાબેન રામાભાઇ પટેલ તે સામુભાઇ રવજીભાઇ પટેલની છોકરીના કહેવાતા કુલમુખત્યાર અશોકભાઇ કરશનભાઇ કનેથી સદરહુ જમીનનો વેચાણ દસ્તાવેજ તા. ૦૧/૧૨/૧૯૯૯ ના રોજ કરાવેલાની અને તે ૧ નંબરની બુકના અનુક્રમ નં. ૪૨૦ થી તા. ૦૭/૧૨/૧૯૯૯ ના રોજ રજીસ્ટર્ડ થયેલાની તકરાર કરેલી અને તેની રૂએ રેવન્યુ દફતરે તેઓની તરફેણમાં એન્ટ્રી નં. ૨૩૫૩ ની પાડવામાં આવેલી. જેની સુર્યકાંત દીપચંદ પટેલને જાણ થતાં સુર્યકાંત દીપચંદ પટેલએ નાયબ કલેકટર, ચોર્યાસી પ્રાંત, સુરત સમક્ષ આર.ટી.એસ. અપીલ નં. ૨૧૧ સને ૨૦૦૩ની કરેલી. જેમાં નાયબ કલેકટર, ચોર્યાસી પ્રાંત, સુરતનાએ સુર્યકાંત દીપચંદ પટેલની તરફેણમાં તા. ૦૪/૦૫/૨૦૦૫ ના રોજ હુકમ કરેલો અને કરશનભાઇ મેઘજીભાઇની તરફેણમાં પાડવામાં આવેલી ફેરફાર નોંધ નં. ૨૩૫૩ ની રદ કરેલી. જેનાથી નારાજ થઇ કરશનભાઇ મેઘજીભાઇએ સુરતના કલેકટર સમક્ષ આર.ટી.એસ. અપીલ નં. ૬૯/૨૦૦૫ ની કરેલી. જે અપીલ કલેકટરશ્રી, સુરતનાએ રદ કરેલી અને સુર્યકાંત દીપચંદ પટેલની તરફેણમાં કરવામાં આવેલ વેચાણ દસ્તાવેજની રૂએ એન્ટ્રી નં. ૩૬૫૬ ની પાડવામાં આવેલ છે અને તે એન્ટ્રી સર્ટીફાઇડ થયેલ છે. કરશનભાઇ મેઘજીભાઇએ તેમના એડવોકેટશ્રી કે.સી.પાનવાલા મારફત સુરતના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જડજ સાહેબની કોર્ટમાં સુર્યકાંત દીપચંદ પટેલના વિરૂધ્ધ સ્પે. દિ.મુ. નં. ૧૬૫ સને ૨૦૦૪

દસ્તાવેજનો પ્રકાર	અવેજ	ગામનું નામ	સર્વે નં.	ટી.પી. નં. એફ.પી.નં.	ફ્લેટ નં.	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ દસ્તાવેજ		વેસુ	૨૯૯/૨	૬/૪૧		

નો માંડેલો. જે દાવામાં સુર્યકાંત દીપચંદ પટેલને પ્રતિવાદી તરીકે જોડેલા અને તે દાવમાં સુર્યકાંત દીપચંદ પટેલએ હાજર થઇ લેખિત જવાબ સાથે કાઉન્ટર કલેઇમ ફાઇલ કરેલો અને કાઉન્ટર મનાઇ અરજી કરશનભાઇ મેઘજીભાઇ સામે કરેલી. તે દાવામાં ખરી હકીકતનો અહેસાસ થતાં કરશનભાઇ મેઘજીભાઇએ તમામ પ્રતિવાદીઓ વિરૂધ્ધનો દાવો બીનશરતે પાછો ખેંચી લીધેલો તેમજ તે કામમાં આંક-૫ થી જે મનાઇ અરજી આપેલી તે મનાઇ અરજી પણ કરશનભાઇ મેઘજીભાઇ બીનશરતે તમામ પ્રતિવાદીઓ વિરૂધ્ધ પાછી ખેંચી લીધેલી. તે દાવામાં સુર્યકાંત દીપચંદ પટેલ પ્રતિવાદી નં. ૮ તરીકે પક્ષકાર હતા. અને તે દાવમાં સુર્યકાંત દીપચંદ પટેલએ વાદી વિરૂધ્ધ જે કાઉન્ટર કલેઇમ ફાઇલ કરેલો તે કાઉન્ટર કલેઇમ વાદીએ આંક-૩૭ ના સમાધાન પુરસીસથી કબુલ, મંજુર રાખેલો અને કાઉન્ટર કલેઇમ પ્રમાણે વાદી વિરૂધ્ધ હુકમનામું કરવામાં આવે તેમાં પોતાની સંમતિ આપેલી. તે જ પ્રમાણે તે દાવામાં સુર્યકાંત દીપચંદ પટેલના દ્વારા આંક-૨૨ તથા આંક-૩૪ થી જે મનાઇ અરજીઓ આપેલી તે વાદીએ મંજુર કરવા સામે પોતાની સંમતિ જાહેર કરેલી તેમજ આંક-૩૭ ના સમાધાન પુરસીસ મુજબ સુર્યકાંત દીપચંદ પટેલની તરફેણમાં હુકમનામું કરવા સંમતિ આપેલી અને તેથી સુરતના પ્રિન્સીપાલ સીનીયર જડજ શ્રી એસ.આર.મેમણ સાહેબે પક્ષકારો વચ્ચે થયેલ સમાધાન પ્રમાણે તા. ૧૮/૧૦/૨૦૦૬ ના રોજ સમાધાનથી સુર્યકાંત દીપચંદ પટેલની તરફેણમાં તે કામના વાદી વિરૂધ્ધ હુકમનામું કરી આપેલું અને તે હુકમનામાથી કરશનભાઇ મેઘજીભાઇની તરફેણમાં કરવામાં આવેલો દસ્તાવેજ રદ કરવામાં આવેલો અને કરશનભાઇ મેઘજીભાઇએ મહેસુલ વિભાગ (વિવાદ) ગુજરાત સરકાર, હોસ્ટેલ બિલ્ડીગ, ભોંયતળિયે, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ મુકામે કલેકટરશ્રી, સુરતનાએ આર.ટી.એસ. અપીલ નં. ૬૯/૦૫ માં તા. ૨૧/૧૦/૨૦૦૫ ના હુકમ સામે કરેલ ફેરતપાસની અરજી પણ પાછી ખેંચી લેવા કબુલાત આપેલી અને તે પ્રમાણે ફેરતપાસની અરજી પાછી

ખેંચી લીધેલ છે. વળી, કરશનભાઇ મેઘજીભાઇએ સુર્યકાંત દીપચંદ પટેલની તરફેણમાં મુળ જમીન માલિકોએ કરી આપેલ તા. ૦૬/૦૧/૨૦૦૧ નો વેચાણ દસ્તાવેજ કબુલ, મંજુર રાખેલ છે અને તે અંગેનો ડીડ ઓફ કન્ફર્મેશન તા. ૧૮/૧૦/૨૦૦૬ ના રોજ કરી આપેલ છે. જે ડીડ ઓફ કન્ફર્મેશન મહેરબાન સુરતના સબ-રજીસ્ટ્રાર સાહેબ, સુરત-૧ (અઠવા) ની કચેરીમાં ૧ નંબરની બુકના અ.નં. ૧૩૦૨૬ થી તા. ૧૮/૧૦/૨૦૦૬ ના રોજ નોંધવામાં આવેલ છે. આમ, તમામ પ્રકરણનો અંત આવેલો અને ત્યારબાદ તા. ૧૧/૦૧/૨૦૦૮ નાં રોજ દસ્તાવેજ અનુક્રમ નંબર ૩૪૧ થી સુર્યકાંત દીપચંદ પટેલે ૧. બાલકિશન મોહનલાલ ચાંડક, ૨. કુંજબિહારી રામઅવતાર સુલતાનીયાને મજકુર જમીન/મિલકતનો દસ્તાવેજ કરી આપેલ.

સદરહુ જમીનને ટી.પી.સ્કીમ નં. ૬ લાગુ થાય છે જેથી રે.સ.નં. ૨૯૯/૨ વાળી જમીનનો મુળખંડ નં. ૨૮/૧ અને અંતિમ ખંડ નંબર ૪૧ આપવામાં આવેલ. સદરહુ જમીનનો બિનખેતીના હેતુ માટે ઉપયોગ કરવા અંગેની પરવાનગી આપતો હુકમ મે. સુરતના કલેકટર સાહેબે હુકમ નં. (જે)બખ/તપસ/રજી નં ૨૪૬ થી ૨૪૮, તા. ૨૨/૦૯/૨૦૦૮ થી કરેલો જે અંગેની નોંધ તા. ૧૧/૧૧/૨૦૦૮ ના રોજ પાડવામાં આવેલી જે એન્ટ્રી નં. ૫૩૬૯ તા. ૨૮/૦૧/૨૦૦૯ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ ૧. બાલકિશન મોહનલાલ ચાંડક, ૨. કુંજબિહારી રામઅવતાર સુલતાનીયા પાસેથી હમો બીજા પક્ષનાએ મજકુર જમીન રજી. વેચાણ દસ્તાવેજ નં. ૧૪૩૧૫, તા. ૧૬/૦૯/૨૦૧૫ ના રોજ ખરીદ કરેલ. આમ, મજકુર મિલકતના અમો બીજા પક્ષના માલીક, મુખત્યાર, કબજેદાર ચાલી આવેલા છીએ.

(૨)... સદરહુ જમીનમાં અમો વેચાણ આપનારે મંજૂર થયેલ પ્લાન મુજબ **"ધ ઈવોલ્યુશન"** ના નામે અલગ અલગ બિલ્ડીગોનું બાંધકામ કરેલ છે અને જે પૈકી **બિલ્ડીગ નં.** .... ના .... **માળ** ઉપર આવેલ **ફ્લેટ**

દસ્તાવેજનો પ્રકાર	અવેજ	ગામનું નામ	સર્વે નં.	ટી.પી. નં. એફ.પી.નં.	ફ્લેટ નં.	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ દસ્તાવેજ		વેસુ	૨૯૯/૨	૬/૪૧		

નં. .... વાળી મિલકત અમો વેચાણ આપનારે તમો વેચાણ રાખનારને રૂા. ..../- (અંકે રૂપિયા ....) પુરાથી વેચાણ આપેલ છે, જે વેચાણ અવેજની પુરેપુરી રકમ રૂા. ..../- (અંકે રૂપિયા ....) પુરા તમો વેચાણ રાખનારે અમો વેચાણ આપનારને નીચે જણાવેલ વિગતથી ચુકવી આપેલ છે, જે મળી ગયા બદલની અમો વેચાણ આપનાર આથી લેખીત પહોંચ સ્વીકારીએ છીએ.

-: પેમેન્ટની વિગત :-

ક્રમ	તારીખ	રકમ	ચેક નંબર	બેન્કનું નામ	શાખ
૧					
૨					
૩					
૪					
૫					
૬				TDS	
	કુલ				

(૩)... સદરહુ મિલકતના વેચાણ અવેજની પુરેપુરી રકમ તમો વેચાણ રાખનારે અમો વેચાણ આપનારને ચુકવી આપેલ છે, જે વેચાણ અવેજની રકમ નહી મળ્યાની કે ઓછા મળ્યાની અમો વેચાણ આપનારે કે અમારા વંશવાલી વારસોએ કોઇપણ પ્રકારની તર-તકરાર કરવા કરાવવાની નથી. તેમ છતાં જો તેવી તર-તકરાર અમો વેચાણ આપનાર કે અમારા વંશવાલી વારસો તરફે કરવા કરાવવામાં આવે તો તે આ વેચાણ દસ્તાવેજની રૂએ રદ બાતલ થાય સહી.

(૪)... સદરહુ તમો વેચાણ રાખનારના કિંમતી અવેજના બદલામાં સદરહુ મિલકત અમો વેચાણ આપનારે તમો વેચાણ રાખનારને યાવતચંદ્ર દિવાકરોને માટે યાને હરહંમેશ તથા કાયમના માટે તમામ અંદરના તથા બહારના તમામ હકકો સહીત વેચાણ આપેલ છે. આમ સદરહુ મિલકત અમારા કાયદેસરના

માલીકી પણામાંથી કાઢી તમારા કાયદેસરના માલીકી પણામાં તથા કબજા વહીવટ ભોગવટા હેઠળ સુપ્રત કરેલ છે.

(૫)... સદરહુ મિલકતના વેચાણ અવેજની પુરેપુરી રકમ સ્વીકારી અમો વેચાણ આપનારે સદરહુ અમારી માલીકીની મિલકતનો કાયદેસરનો કબજો તમારા કાયદેસરના માલીકીપણામાં સુપ્રત કરી દીધો છે, જેથી સદરહુ મિલકતમાં તમો વેચાણ રાખનાર જાતે વેચાણ કરો, બક્ષીસથી આપો, ગીરો મુકો, ટ્રાન્સફર કરો કરાવો તેમજ તમો વેચાણ રાખનારની મરજીમાં આવે તે પ્રમાણેની વ્યવસ્થા, સંચાલન કરો કરાવો તેમાં અમો વેચાણ આપનારે કે અમારા વંશવાલી વારસોએ કોઇપણ પ્રકારની તર-તકરાર કરવા કરાવવાની નથી. તેમ છતાં જો તેવી તર-તકરાર કરવા કરાવવામાં આવે તો તે આ વેચાણ દસ્તાવેજની રૂએ રદ બાતલ થાય સહી.

(૬)... સદરહુ મિલકત તદ્દન નબોજી, નકર્જી, નજોખમી, ચોખ્ખા અને માર્કેટેબલ ટાઇટલ્સ વાળી છે. સદરહુ મિલકત અમોએ કોઇને વેચાણ, ગીરો, બક્ષીઅ કે અન્ય રીતે તબ્દીલ કરી કરાવી આપેલ નથી. તેમજ તેવા કોઇપણ પ્રકારના લખાણો કરી આપેલ નથી. તેમજ તેવા લખાણો કરી કરાવી આપવા નકકી કરેલ નથી. સદરહુ મિલકતમાં કોઇનો કોઇપણ પ્રકારના ખાધા ખોરાકીનો, પોષાકીનો હકક, હીસ્સો કે અધિકાર નથી. તેમજ સદરહુ મિલકત અમોએ કોઇને જામીન તરીકે જામીનગીરીમાં લખી આપેલ નથી. સદરહુ મિલકતમાં કોઇનો કોઇપણ પ્રકારનો રહેઠાણ કે જવા આવવાના રસ્તાનો કે ઈઝમેન્ટનો હકક નથી. તેમજ સદરહુ મિલકત કોઇપણ પ્રકારના સંપાદન હેઠળ નથી. તેમજ તેવી કોઇ નોટીસ અમોને આજદિન સુધી મળી નથી. આમ સદરહુ મિલકતમાં અમો વેચાણ આપનાર સિવાય કોઇનો હકક હીસ્સો કે અધિકાર રહેલો નથી.

દસ્તાવેજનો પ્રકાર	અવેજ	ગામનું નામ	સર્વે નં.	ટી.પી. નં. એફ.પી.નં.	ફલેટ નં.	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ દસ્તાવેજ		વેસુ	૨૯૯/૨	૬/૪૧		

(૭)... સદરહુ મિલકતને લગતા સુરત મહાનગરપાલિકાના કે અન્ય સરકારી કચેરીના વેરાની રકમ, વિશેષ ધારા, મહેસુલી રકમ, સુરત મહાનગરપાલિકાના વેરાની રકમ વિગેરે જે કંઇ રકમ કાયદેસરની ભરવાની આવે તે તમો વેચાણ રાખનારે માલીકી હકકે ભરી દેવાની રહેશે સહી.

(૮)... સદરહુ મિલકત હાલ ગ્રામ પંચાયતના દફતરે કે જી.ઇ.બી. તથા અન્ય સરકારી દફતરે આજરોજથી કમી કરી કરાવી સદરહુ મિલકતમાં તમારૂ નામ માલીક મુખત્યાર તરીકે તમારા ખર્ચે દાખલ કરી કરાવી શકો સહી. તેમજ તેવી કાર્યવાહીમાં અમો વેચાણ આપનારની જયાં જયાં સહી સંમતિ, કબુલાત વિગેરેની જરૂર જણાય ત્યાં ત્યાં અમોએ જરૂરી સહી સંમતિ કબુલાત વિગેરે આપવાની રેહેશે સહી.

(૯)... સદરહુ મિલકત જે કોમ્પલેક્ષમાં આવેલ છે તેમાં આવેલ તમામ કોમન ફેસીલીટી યાને રાસુકી સગવડો જેવી કે પાર્કિંગ વિગેરેના ઉપયોગ તમો વેચાણ રાખનારે અન્ય હોલ્ડર્સો સાથે સમજીને કરવાનો રહેશે. તેમજ કોમન ફેસીલીટી યાને રાસુકી સગવડોને નુકશાન થાય તેવું કૃત્ય તમોએ કરવાનું નથી કે તેના ઉપયોગમાં ન્યુનતા કે અંતરાય ઉભી કરવાની નથી.

(૧૦)... સદરહુ મિલકતમાં તમો વેચાણ રાખનારે અંદરથી કે બહારથી બાંધકામને લગતો કોઇપણ ફેરફાર કરવા કરાવવાનો નથી અને છતાં પણ જો તેવો ફેરફાર તમો વેચાણ રાખનાર દ્વારા કરવા કરાવવામાં આવશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી તમો વેચાણ રાખનારની તથા અન્ય સભાસદોની રહેશે અને ફર્નીચર, પી.ઓ.પી., ગુજરાત ગેસ કનેકશન, સોસાયટી મેઇન્ટેનન્સ, એસ.એમ.સી. ટેક્ષ, ટેલીફોન, ડ્રેનેજ ખર્ચ, પાણીની લાઇનનો ખર્ચ, જી.ઇ.બી. નો ખર્ચ, વોટર ટેન્કર ખર્ચ, દસ્તાવેજ ખર્ચ, સર્વિસ ટેક્ષ/જી.એસ.ટી./વેટ વિગેરે તમોએ અલગથી કરવાનો રહેશે.

દસ્તાવેજનો પ્રકાર	અવેજ	ગામનું નામ	સર્વે નં.	ટી.પી. નં. એફ.પી.નં.	ફલેટ નં.	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ દસ્તાવેજ		વેસુ	૨૯૯/૨	૬/૪૧		

(૧૧)... અમો વેચાણ આપનારે સદરહુ મિલકતમાં નકકી થયા મુજબ બાંધકામ કરી સદરહુ મિલકતનો પ્રત્યક્ષ કબજો તમો વેચાણ રાખનારને સુપ્રત કરેલ છે. મજકુર મિલકત અંગે કોઇ પ્રકારની બાંધકામ કે તેને સંલગ્ન કોઇ કામગીરી બાકી નથી. તેમજ મજકુર બાંધકામ અને તેની સંલગ્ન તમામ કામગીરી બાબતે તમો વેચાણ રાખનારને સંપૂર્ણ સંતોષ થયેલ છે અને તે તમામ તમોએ જાતે તથા તે બાબતોના નિષ્ણાંત જાણકારી ધરાવનાર પાસે તપાસ કરી/કરાવીને, ખાતરી કરી/કરાવીને જોઇ તપાસી લઇને સદરહુ મિલકતનો કબજો પણ મેળવી લીધેલ છે. નકકી થયા મુજબની તમામ કામગીરી તમામ પ્રકારે સંપૂર્ણ રીતે પરિપુર્ણ થયેલી છે. તેમજ બાંધકામ તથા તેમાં વપરાશમાં લેવામાં આવેલ તમામ માલ-સામાન, સામગ્રી, ફીટીંગ્સ, ફિકસચર્સ વિગેરે યોગ્ય ગુણવત્તા વાળા છે અને તે તમામ બાબતે સંપૂર્ણ રીતે સંતોષ કારક માલુમ પડેલ છે અને તે બાબતે તમોને કોઇપણ પ્રકારની ફરીયાદ તકરાર છે નહી તેમજ હવે પછી ભવિષ્યમાં પણ તમોએ તે બાબતે કોઇ ફરીયાદ તકરાર કરવા/કરાવવાની નથી. તેમ છતાં કરીએ કરાવીએ તો રદ બાતલ થાય સહી ગણાય સહી.

(૧૨)... સદરહુ મિલકતનો ઉપયોગ તમોએ ફકત રહેઠાણ માટે જ કરવાનો રહેશે અને તે સિવાયનો ઉપયોગ તમોએ કરવાનો નથી. સદરહુ મિલકતમાંથી તમોએ કોઇપણ વસ્તું નીચે ફેકવાની નથી કે જેથી કરીને અન્ય હોલ્ડર્સોને કે બિલ્ડીગ પાસે આવેલ સભાસદોને કોઇ અડચણરૂપ થાય તેમજ આવવા જવામાં તકલીફ ઉપસ્થિત થાય તેવુ કૃત્ય તમોએ કરવા કરાવવાનું નથી. સદરહુ મિલકત જે બિલ્ડીગમાં આવેલ છે તેના તમામ પેસેજો ખાલી રાખવાના રહેશે. તેમજ પેસેજોમાં કોઇપણ હોલ્ડર્સે કોઇપણ પ્રકારની વસ્તુઓ મુકવાની નથી.

(૧૩)... સદરહુ મિલકત તળેની જમીન અંગે તમોને અલગ આપેલ બુકલેટમાં દર્શાવ્યા પ્રમાણેના પ્લાનમાં જે રોડ રસ્તાની જગ્યા બતાવવામાં આવેલ છે. જેમાં તમોએ કોઇપણ પ્રકારનું બાંધકામ કરવા કરવાનું નથી. તેમજ અન્ય

દસ્તાવેજનો પ્રકાર	અવેજ	ગામનું નામ	સર્વે નં.	ટી.પી. નં. એફ.પી.નં.	ફલેટ નં.	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ દસ્તાવેજ		વેસુ	૨૯૯/૨	૬/૪૧		

ફલેટ હોલ્ડર્સોને જવા આવવામાં અડચણ ઉપસ્થિત થાય તેવું કૃત્ય તમોએ કરવા કરાવવાનું નથી. સદરહુ રોડ રસ્તાની જગ્યાનો વપરાશ તમોએ ફકત આવવા જવાના હકકો માટે, વીજળી કનેકશન માટે, ડ્રેનેજ લાઇન લેવા માટે, ટેલીફોનના થાંભલા, દોરડા નાંખવા માટે અન્ય ફલેટ હોલ્ડર્સો સાથે સહીયારો કરવાનો રહેશે. તેમજ સદરહુ મિલકત તળેની જમીનમાં તમોને અલગ આપેલ બુકલેટમાં દર્શાવ્યામાં પ્રમાણે છોડવામાં આવેલ કોમન ઓપન પ્લોટનો વપરાશ તમોએ અન્ય ફલેટ હોલ્ડરો સાથે સહીયારો કરવાનો રહેશે સહી. તેમજ કોમન ઓપન પ્લોટમાં માલીકી હકક મેળવવા તમોએ કે અન્ય કોઇપણ હોલ્ડર્સે કોઇપણ પ્રકારની તકરાર તકરાર ઉપસ્થિત કરવા કરાવવાની નથી. તેમ છતાં કરવા કરાવવામાં આવે તો તે આથી રદ બાતલ થાય સહી.

(૧૪)... સદરહુ મિલકતમાં મંજુર પ્લાન મુજબનું બાંધકામ કરેલ છે જેની નકલ તમોને આપેલ છે. આ સિવાય કોઇ વધારાનું બાંધકામ કરવામાં આવે તેની સમગ્ર જવાબદારી તમારી રહેશે તથા જમીન અંગેના ટાઇટલ્સ તમોએ તમારી રીતે ખાતરી કરી લીધેલ છે અને તેની ખાતરી કર્યાબાદ સદરહુ મિલકત તમોએ વેચાણથી રાખેલ છે જેથી ટાઇટલ બાબતે તમોને અમોએ કોઇ પેપર્સ કે ખુલાસા આપવાના બાકી રહેતા નથી કે ટાઇટલ બાબતે તમોએ કોઇપણ પ્રકારની તકરાર કરવા કે કરાવવાની નથી.

(૧૫)... સદરહુ મિલકત જે બિલ્ડીગમાં આવેલ છે તે બિલ્ડીગમાં આવેલ તમોને વેચાણ આપેલ ફલેટ તથા તેના વિવિધ રૂમો, ટોઇલેટ તથા બાલ્કની સાથે બનાવી આપેલ છે અને તે તમામની જાળવણી તમોએ કરવાની રહેશે. તે ઉપરાંત "ધ ઈવોલ્યુશન" ની અન્ય સહીયારી સગવડતાઓ જેવી કે મેઇન એન્ટ્રીગેટ તથા સીકયુરીટીઝ કેબીન, કોમન ઓપન પ્લોટ, કોમન લાઇટો, ઇન્ટરકોમ, પાર્કીગ, દાદર, પેસેજ, રીસેપ્શન, કમ્પાઉન્ડ વોલ, કોફીબાર, જનરેટર, સ્વીમીગ પુલ એરોબીકસ એન્ડ મેડીટેશન રૂમ, કુવારા, સી.સી.ટીવી

દસ્તાવેજનો પ્રકાર	અવેજ	ગામનું નામ	સર્વે નં.	ટી.પી. નં. એફ.પી.નં.	ફલેટ નં.	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ દસ્તાવેજ		વેસુ	૨૯૯/૨	૬/૪૧		

કેમેરા, ગજેબો સીટીગ, લાઇબ્રેરી, જોગીગ ટ્રેક, ગાર્ડન (લેન્ડ સ્કેપીગ), ચિલ્ડ્રન પાર્ક સેન્ડ પીટ સાથે, સીનીયર સીટીઝન સીટીગ, ફીટનેશ ફેસીલીટી (જીમ), સ્કેટીગ રીગ, વોલીબોલ કોર્ટ, બેડમીન્ટન કોર્ટ, ઇન્ડોર ગેમઝોન, સ્ટીમ બાથ, સોના બાથ, જાકુઝી, ટેરેસ, લીફટ, ફાયર સેફટી, બહારનો કલર અને ટેકસર્સ, અન્ડર ગ્રાઉન્ડ તથા ઓવરહેડ પાણીની ટાંકી વિગેરે અમો વેચાણ આપનારે તૈયાર કરી આપેલ છે તે તમામની વપરાશ તથા તેની જાળવણી “ધ ઈવોલ્યુશન” ઇમારતના તમામ માલીકોએ સાથે મળીને કરશે. મજકુર “ધ ઈવોલ્યુશન” ઈમારતની કોમન ફેસીલીટીઝના મેઇન્ટેનન્સ, રીપેરીગ ખર્ચ, વીજળી વપરાશના બીલો, રોડ તથા કોમન ઓપન પ્લોટ, સાફ સફાઇ ખર્ચ, સોસાયટીને લગતા ગ્રામ પંચાયતના વેરા કે સુડાના કે સુરત મહાનગરપાલિકાના વેરા વિગેરે તમામ ખર્ચાઓ, ચાર્જીસ વિગેરે તેમજ “ધ ઈવોલ્યુશન” ની ઉપરોકત દર્શાવેલ તથા અન્ય સહીયારી સગવડતાઓ જેવી કે મેઇન એન્ટ્રીગેટ ઉપરની સીકયુરીટીઝ, કંપાઉન્ડ વોલ, કંપાઉન્ડ વોલમાં આવેલ લાઇટ પોલ, સોસાયટીના આર.સી.સી. રોડ, કોમન લાઇટો, કોમન એરીયાની સફાઇ તથા સોસાયટી ડ્રેનેજ, વોટર લાઇન, જી.ઇ.બી. લાઇન વિગેરે જાળવણી તથા વપરાશી ખર્ચ, વેરાઓ, ચાર્જીસ ખર્ચ વિગેરે તમોએ તથા “ઈવોલ્યુશન” ના બાકીના સભ્યો તથા કબજેદાર તથા માલીકોએ ફાળે પડતો ચુકવવાનો/ભોગવવાનો રહેશે સહી.

(૧૬)... આજદીન બાદ કુદરતી આપત્તિઓ જેવી કે ધરતીકંપ, નદી કે વરસાદના પુર, આગ વાવાઝોડુ વિગેરે તથા માનવ સર્જિત આપત્તિઓ જેવી કે રમખાણો, યુધ્ધ વિગેરેને કારણે બાંધકામને નુકશાન થાય તો તેની સંપૂર્ણ જવાબદારી તમારી રહેશે સહી તથા તે અંગે અમારી પ્રત્યક્ષ કે પરોક્ષ કોઇપણ રીતે કોઇપણ પ્રકારની આર્થિક, ટેકનીકલ કે કાયદાકીય જવાબદારી રહેશે નહી ગણાશે નહી. બાંધકામનો કબજો સુપ્રત કર્યાની તારીખથી “છ” માસ દરમ્યાન

દસ્તાવેજનો પ્રકાર	અવેજ	ગામનું નામ	સર્વે નં.	ટી.પી. નં. એફ.પી.નં.	ફલેટ નં.	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ દસ્તાવેજ		વેસુ	૨૯૯/૨	૬/૪૧		

કોઇપણ પ્રકારનું લીકેજ થાય તો તેનું સમારકામ કરી/કરાવી આપવાની જવાબદારી અમારી નક્કી થયેલ છે. તેમજ “છ” માસ પછી કોઇપણ પ્રકારના લીકેજ રીપેરીગ પોતાના ખર્ચે અને જોખમે કરવા/કરાવવાની સંપૂર્ણ જવાબદારી તમારી રહેશે સહી. સદરહુ પાર્કિંગના ભાગમાં લીકેજ હોય તો તે પહેલા માળના સભ્યોએ રીપેરીગ કરાવવાનું રહેશે તથા ટોપ ફ્લોરમાં લીકેજ હોય તો સોસાયટીના સભ્યોએ રીપેરીગ કરાવવાનું રહેશે સહી.

(૧૭)... તમો વેચાણ રાખનારે ચુકવેલ અવેજની રકમમાં સદરહુ ફ્લેટવાળી મિલકતનો સમાવેશ થાય છે. હાલના તથા વખતો વખતના કાયદાની રૂએ હાલ જે એફ.એસ.આઇ. પ્લાન મુજબ વાપરવામાં આવેલ છે હાલના નિયમોનુસાર પેઇડ એફ.એસ.આઇ. વાપરવામાં આવેલ છે. અને તે પ્રમાણે બાંધકામ છે ભવિષ્યમાં સુરત મહાનગરપાલિકા કે અન્ય સરકારી નિયમોનુસાર ફ્લોટીગ એફ.એસ.આઇ મળે તો તે વધારાનું બાંધકામ કરવા અમો હક્કદાર છીએ અને જે મળનાર વધારાના બાંધકામની માલીકી ફક્ત અમો વેચાણ આપનારની રહેશે સહી જે અંગે તમો વેચાણ રાખનારે કે અન્ય સભ્યોએ કોઇપણ પ્રકારની તર-તકરાર કરવા કરાવવાની નથી.

(૧૮)... સદરહુ મિલકત તળે આવેલ ફાયનલ પ્લોટ નં. ૪૧/૨ વાળી જમીન ખાનગી રાહે ઓળખાણ માટે અમો વેચાણ આપનારે **“ધ ઈવોલ્યુશન”** તરીકે નામ આપેલ છે જેમાં તમો વેચાણ રાખનારે કોઇ ફેરફાર કરવા કરાવવાનો નથી.

(૧૯)... સદરહુ મિલકત અંગેની આપણા બેઉ પક્ષકારો વચ્ચે નક્કી થયેલ કિંમત **રૂા. ..../- (અંકે રૂપિયા ....)** પુરા છે, જેથી આજરોજ આ વેચાણ દસ્તાવેજ **રૂા. ..../- (અંકે રૂપિયા ....)** પુરાના જનરલ સ્ટેમ્પ પેપર ઉપર કરવામાં આવેલ છે.

દસ્તાવેજનો પ્રકાર	અવેજ	ગામનું નામ	સર્વે નં.	ટી.પી. નં. એફ.પી.નં.	ફ્લેટ નં.	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ દસ્તાવેજ		વેસુ	૨૯૯/૨	૬/૪૧		

(૨૦)... સદરહુ મિલકત અંગેના આ વેચાણ દસ્તાવેજના તમામ ખર્ચ જેવા કે સ્ટેમ્પ ખર્ચ, રજી.ફી, વકીલ ફી વિગેરે તમોએ ભોગવેલ છે. સદરહુ મિલકતની બજાર કિંમત સરકારશ્રી તરફથી નક્કી કરવામાં આવેલ જંત્રી પ્રમાણે કાયદેસર રીતે નક્કી કરવામાં આવેલ છે. તેમ છતાં ભવિષ્માં જો સ્ટેમ્પ ડયુટી વેલ્યુએશન એકટ મુજબ જો કોઇ વધારાની સ્ટેમ્પ ડયુટી ભરવાની આવે તો તે તમોએ ભરપાઇ કરવાની રહેશે સહી અને તમો જે કંઇ વધારાની રકમ સ્ટેમ્પ ડયુટી પેટે ભરપાઇ કરો તો તેના આધારે કોઇ વધારાની રકમ અમોને અવેજ તરીકે મળેલ ગણાશે નહી.

-:: પરિશિષ્ટ ::-

-::વેચાણ આપેલ મિલકતની વિગત::-

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ સુરત સીટી-૧ (અઠવા) ના **મોજે વેસુ**માં આવેલ સર્વે નં. ૪૯૦, પૈકીથી નોંધાયેલી જમીન કે જે બ્લોક/રી.સર્વે નં. ૨૯૯/૨ થી નોંધાયેલ છે અને જેનું હાલનું ક્ષેત્રફળ ૧૧૧૦૦-૦૦ સ.ચો.મી. છે જેને ટી.પી.સ્કીમ નં. ૬ લાગુ પડતા ફા. પ્લોટ નં. ૪૧ ફાળવવામાં આવેલ છે તે પૈકી સબ પ્લોટ નં. ૨ જેનું ફા. પ્લોટના ક્ષેત્રફળના પ્રમાણસર ગામનો નમુનો નં. ૭ અને ૧૨ મુજબનું ક્ષેત્રફળ ૫૫૫૦ સ.ચો.મીટર થાય છે કે જેનું **ફા. પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૪૫૫૪** સ.ચો.મીટર છે જમીન માં બાંધવામાં આવેલ **ધ ઇવોલ્યુશન** ના **બિલ્ડીગ નં.** .... ના .... ઉપર આવેલ **ફ્લેટ નં.** .... વાળી મિલકત કે જેનો સુપર બિલ્ટઅપ એરીયા : .... ચો.ફુટ અને બિલ્ટઅપ એરીયા : .... ચો.ફુટ છે યાને .... ચો.મી. છે તે મિલકત તથા બિલ્ડીગ તળેની જમીનમાં ફાળે પડતા વણ વહેંચાયેલા હિસ્સાની જમીન સહીતની મિલકત તે માહેના તથા બહારના તમામ હકકો સહિતની મિલકત.

જેની ચતુરસીમા નીચે મુજબ છે.

ઉત્તર :-

દસ્તાવેજનો પ્રકાર	અવેજ	ગામનું નામ	સર્વે નં.	ટી.પી. નં. એફ.પી.નં.	ફ્લેટ નં.	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ દસ્તાવેજ		વેસુ	૨૯૯/૨	૬/૪૧		

ધ ઈવોલ્યુશન ફ્લેટ નં.

દક્ષિણ :-

પુર્વે :-

પશ્ચિમ :-

એણી વિગતનો આ વેચાણ દસ્તાવેજ અમો વેચાણ આપનારે આજરોજ અમારી રાજીખુશીથી અને સ્વેચ્છાએ તનમનની સ્વસ્થ હાલતમાં વાંચી, વંચાવી, સમજી કોઇના કોઇપણ પ્રકારના દાબ દબાણ કે ધાક ધમકીમાં આવ્યા વગર કરી આપેલ છે, જે અમોને પોતાને તથા અમારા વંશવાલી વારસો, ટ્રાન્સફરી, એસાઇની, એકઝીકયુટર્સ, એડમીની સ્ટ્રેટર્સ, સકસેસર્સ ઇત્યાદી તમામને કબુલ મંજૂર અને બંધનકર્તા છે અને રહેશે સહી.

અત્રે............................મતુ તત્રે.....................................શાખ

યુનિસન ડેવલપર્સ ના અધિકૃત ભાગીદાર

....

વિજય દામોદર ભટ્ટ

....

દસ્તાવેજનો પ્રકાર	અવેજ	ગામનું નામ	સર્વે નં.	ટી.પી. નં. એફ.પી.નં.	ફ્લેટ નં.	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ દસ્તાવેજ		વેસુ	૨૯૯/૨	૬/૪૧		

નોંધણી અધિનિયમની કલમ : ૩૨ (એ) મુજબ
ફરજીયાત ફોટા તથા અંગુઠાની છાપ લગાવી દસ્તાવેજ સાથે રજુ કરવાની યાદી :

વેચનાર :- | **ફોટો** | **અંગુઠાની છાપ**

યુનિસન ડેવલપર્સ ના અધિકૃત ભાગીદાર

....

વિજય દામોદર ભટ્ટ

ખરીદનાર :- | **ફોટો** | **અંગુઠાની છાપ**

....

દસ્તાવેજનો પ્રકાર	અવેજ	ગામનું નામ	સર્વે નં.	ટી.પી. નં. એફ.પી.નં.	ફલેટ નં.	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ દસ્તાવેજ		વેસુ	૨૯૯/૨	૬/૪૧		